પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪ | ૨૫ માર્ચ, ૨૦૧૮, રવિવાર ; ચૈત્ર સુદ - ૮/૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઝુકરબર્ગની આઠ વર્ષની કમાણી પાંચ દિવસમાં જ સાફ

ફેસબુકના પાંચ કરોડથી વધુ યુઝર્સનો ડેટા લીક થવાના કારણે સર્જાયેલો વિવાદ શાંત પડતો નથી. કંપનીના સ્થાપક માર્ક ઝુકરબર્ગે આ મામલે માફી પણ માગી લીધી છે પરંતુ તેમ છતાં સતત આ વિવાદથી ફેસબુકના બિઝનેસને તો પ્રભાવિત કર્યો છે પણ માર્કે પણ તેનું નુકસાન ભોગવવું પડ્યું છે. જેમાં માર્કે આઠ વર્ષમાં જે કમાણી કરી હતી, તે પાંચ દિવસમાં જ સાફ થઈ ગઈ છે.

# લાલુને ચોથા કેસમાં ૧૪ વર્ષની સજા

### બે જુદી જુદી કલમોમાં સાત સાત વર્ષની સજા, ૬૦ લાખનો દંડ : સીબીઆઈની ખાસ અદાલતે ચુકાદો આપતા કોર્ટ રૂમમાં ભારે સોપો : ડુમકા તિજોરીમાંથી ૩.૧૩ કરોડ રૂપિયાની ઉચાપત સંદર્ભે સજા ફટકારવામાં આવી

નવી દિલ્હી,તા.૨૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને રાજકીય ક્ષેત્રે ભૂકંપ સર્જનાર ઘાસચારા કોંભાડના ચોથા કેસમાં પણ આરજેડીના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ યાદવને આજે સીબીઆઈની ખાસ અદાલતે સાત-સાત વર્ષની સજા ફટકારી હતી. સાથે સાથે ૬૦ લાખ રૂપિયાનો જંગી દંડ પણ ફટકારતા કોર્ટ રૂમમાં સોપો પડી ગયો હતો.ડુમકા તિજોરીમાંથી ગેરકાયદે જંગી નાણાંની ઉચાપત સાથે સંબંધિત આ મામલો રહેલો છે. લાલુના વકીલ પ્રભાત કુમારે કહ્યું હતું કે, લાલુને બે જુદી જુદી કલમોમાં સાત-સાત વર્ષની સજા કરવામાં આવી છે. અલબત કુલ ૧૪ વર્ષની સજાને લઈને આજે ચર્ચા રહી હતી. કોર્ટમાં ઉપસ્થિત વકીલ વિષ્ણુ કુમાર શર્માએ કહ્યું હતું કે, આ મામલામાં બે જુદી જુદી કલમોમાં લાલુને સજા કરવામાં આવી છે. આ પ્રકારથી સાત સાત વર્ષની સજા કરવામાં આવી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, એક સજા પુરી થયા બાદ બીજી સજા શરૂ થશે. અત્રે નોંધનીય છે કે સીબીઆઈની ખાસ અદાલતે ગયા સોમવારના દિવસે ઝારખંડની રાંચી સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ યાદવને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. ડુમકા તિજોરીમાંથી ગેરકાયદેરીતે નાણાની ઉચાપતના કેસમાં રાંચીની ખાસ સીબીઆઈ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. આ રીતે ઘાસચારા કૌભાંડના છ પૈકી

● અનુસંધાન પાન-૭ પર

# હાર્ટએટેકથી મરવાના બદલે દેશ માટે મરવાનું પસંદ કરીશ : અણ્ણા હજારે

ન્યુ દિલ્હી,તા.૨૪

ગઈ કાલથી કેટલીક માગણી સાથે કેન્દ્ર સરકાર સામે ભૂખ હડતાળ પર ઊતરેલા સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ સરકારને ચીમકી આપતાં જણાવ્યું છે કે હું ન્યાય માટે હાર્ટએટેકના કારણે મરવાના બદલે દેશ માટે મરી જવાનું વધુ પસંદ કરીશ.

ગઈ કાલથી રામલીલા મેદાનમાં બે મુદતી અનશન પર ઊતરેલા અણ્ણા હજારેએ જણાવ્યું કે તેમણે પોતાની કેટલીક માગણી સાથે મોદી સરકારને ૪૩ પત્ર લખ્યા હતા, પરંતુ તે અંગે કોઈ જ પ્રતિભાવ નહિ મળતાં મારે ન્યાય માટે આ ભૂખ હડતાળ શરૂ કરવી પડી છે.

તેમણે જણાવ્યું કે દેશના કિસાન મુસીબતમાં છે, કારણ તેમને પાકના યોગ્ય ભાવ મળતા નથી. તેમણે કેન્દ્રમાં લોકપાલ અને રાજ્યમાં લોકાયુક્તની નિમણૂક, નવા ચૂંટણી સુધારા તેમજ કૃષિ સંકટનો ઉકેલ લાવવા સ્વામીનાથન પંચના અહેવાલને લાગુ કરવા માટે સરકાર પર દબાણ વધાર્યું છે.

હજારેએ વધુમાં જણાવ્યું હતું કે કૃષિપ્રધાન રાધા મોહનસિંહ અને મહારાષ્ટ્રના કેટલાક પ્રધાનોએ તેમની મુલાકાત લીધી હતી અને કેટલીક ખાતરી પણ આપી હતી. તેમ છતાં મેં તેમને

● અનુસંધાન પાન-૭ પર

હીરામણિ સ્કૂલ/હૉસ્ટેલ માં પ્રવેશ ઉપલબ્ધ
નિરમા યુનિવર્સિટી સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોન:(૦૨૭૧૭)૨૪૨૫૦૫-૨૪૨૬૦૬.(હૉસ્ટેલ)૨૪૧૧૨૪ www.hiramanischools.org
ધો.૩ થી ૧૦ અને ૧૧-૧૨ ના વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થીઓ માટે અદ્યતન હૉસ્ટેલમાં ઉત્તમ નાસ્તા તથા ભોજન,લોન્ડ્રી તેમજ ૨૪ કલાક ડોક્ટર, જીમની સુવિધા.
હૉસ્ટેલના તમામ વિદ્યાર્થીઓ માટે સંસ્થાના ખર્ચે અલાયદી વધારાના શિક્ષણની સુવિધા. ધો.૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે NEET અને GUJCET ના કોચિંગની સુવિધા.
પ્રવેશ માટે સમય : સવારે ૯.૦૦ થી ૪.૦૦

SWIGGY FOOD DELIVERY APP ફૂડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
March 23 to 31• સવારે ૯ થી સાંજે ૬
જોઈએ છે ફુલટાઈમ / પાર્ટટાઈમ પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

RAJVEE FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

હવે ફરી એક વાર બચતની લહેર ગાંધીનગરમાં !
osia HYPERMART
સૌથી વિશાળ શ્રેણી, સૌથી ઓછી કિંમત !
NOW OPEN
Welcome
20% DISCOUNT
ONE DAY ONE DEAL
EVERYTHING AT WHOLESALE PRICE



ગારમેન્ટસ, ફુટવેર, હાઉસ હોલ્ડ, હેન્ડલુમ બેગ્સ
25TH & 26TH MARCH
આ ઓફર, છુટક કરીયાણુ, તેલ, ઘી, ખાંડ, ચા પર ઉપલબ્ધ નથી
GANDHINAGAR Sector 21, INOX Cinema, Opp Vegetable and Fruit Market, Gandhinagar, Gujarat 382021
NARANPURA RATNA HIGH STREET OPP RATNAMANI HOUSE CUSTOMER CARE NO:7096036809
MOTERA 4D SQUARE MALL VISAT GANDHINAGAR ROAD CUSTOMER CARE NO:7096036839
KHOKHRA ASHAPURA SQUARE KHOKHRA CIRCLE CUSTOMER CARE NO:7096036827
BODAKDEV AKASH TOWER, JUDGES BUNGALOW ROAD CUSTOMER CARE NO:70960 36826
* conditions apply
All offers are till stock last, Two offers can not be clubbed, All rights reserved by management, Products images shown here may vary in actual, Subject to Ahmedabad jurisdiction, OFFERS NOT AVAILABLE ON SODEXO AND TICKET RESTAURANT VOUCHERS..